
# પ્રિયતમ પરસેવે નીતરે

**નબોલવામાં નવ ગુણ**

★ નટવર પંડ્યા




ઘણી વાર ભીડભાડવાળા સ્થળે ઊભા હોઈએ અને આપણે ખાસ પ્રકારની 'ખુશ્બૂ' અનુભવીએ એટલે આપણે તે ખુશ્બૂનું ઉદગમ સ્થાન શોધવા મથીએ છીએ. અલબત, નાકે રૂમાલ દાબીને જ! જો ઉદગમસ્થાન મળી જાય તો પછી આપણે ક્યાં ઊભા રહેવું તે નક્કી કરી શકીએ. થોડા આઘાપાછા થઈને 'આપણી આજુબાજુ કોઈ ગટરનું ઢાંકણ તો ખુલ્લું નથી ને!' એ જોઈ લઈએ. એટલામાં જ કોઈ પહાડ જેવો શખ્સ આપણી નજરે ચડે છે. જે પરસેવાથી નિતરતો હોય છે. નિતરવું એ મનુષ્ય માત્રની લાક્ષણિકતા છે. કોઈ પ્રેમ-સ્નેહથી નિતરતાં હોય, કોઈ સૌંદર્યથી નિતરતાં હોય, કોઈ સાહિત્યથી નિતરતાં હોય, કોઈ કવિતાથી નિતરતાં હોય અને કોઈ પરસેવે નિતરતાં હોય. આવા પરસેવે નિતરતાં પુરુષને જોઈને જેને ગઝલ સ્ફૂરે તે જન્મજાત ગઝલકાર ગણાય. આવા પરસેવે નિતરતાં મનુષ્યને જોતા જ આપણને લાગે કે કુદરતે જાણે પૃથ્વી પર પરસેવાના પ્રોડક્શન માટે જ તેનું સર્જન કર્યું છે અને તેનું સર્જન કર્યા પછી કુદરતે ચોક્કસ હાથ ધોઈ નાખ્યા હશે.(ડેટોલથી!) જે શખ્સ રંગે હિમાલય જેવો શ્વેત- સફેદ નહીં પણ સાતપુડાના પહાડ જેવો ઘેરો હોય છે પણ તેના શરીર પરથી જે રીતે પરસેવાના રેલા ફૂટતા જોઈએ ત્યારે ફરીથી આપણે જ કહીએ કે તે સાતપુડો નહીં પણ હરતોફરતો હિમાલય છે કારણ કે જેમ હિમાલયમાંથી અનેક નાની-મોટી નદીઓ અને ઝરણાં નીકળે છે એવું દ્રશ્ય તેના શરીર પર જોવા મળે છે. હિમાલયમાં ઉનાળામાં બરફ પીગળે છે અને તેની નદીઓમાં ઉનાળામાં પૂર આવે છે. એ જ રીતે આવા મનુષ્યો ઉનાળામાં જાણે કે આખેઆખા પીગળે છે અને તેના શરીર પર પરસેવાના પૂર આવે છે. તેને પીગળતો જોઈને આપણને પેલું સુભાષિત યાદ આવી જાય. 'સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે નહાય.' તેથી તેના શરીર પર પરસેવાની સમૃદ્ધિ જોતા એવું લાગે જાણે કે અષ્ટસિદ્ધિ અને નવનિધિ તેને વરવા થનગની રહી હશે. બાકી સાચી વાત તો તેને વરેલી વનિતાને પૂછીએ તો જ જાણવા મળે.

પણ આ તો ઉનાળાની અને પુરુષની વાત છે ઉનાળામાં પુરુષનું નિતરતું સૌંદર્ય! તેને માણવાની હિંમત કોની! ચોમાસામાં નારીનું નિતરતું સૌંદર્ય તો કોઈક વૈરાગીને ય વરણાગી બનાવી દે. જેમ લોકો મદિરાના પ્યાલા છુપાઈને પી લેતા હોય છે. તેમ ઘણા રસિકજનો વરસાદમાં નિતરતી નારીના સૌંદર્યને પી લેતા હોય છે. પણ ઉનાળામાં પરસેવે નિતરતા પુરુષનું સૌંદર્ય જોઈને એવો વૈરાગ પ્રગટે કે બાણું લાખ માળવો તજીને હાલી નીકળવાનું મન થાય. રૂવાડે રૂવાડે વૈરાગ પ્રગટે. આમ છતાં તમારામાં સૌંદર્યને પારખવાની દિવ્ય દ્રષ્ટિ હશે તો પરસેવે નિતરતો પુરુષ પણ તમને સ્ત્રી સમોવડી લાગશે. આવા સૌંદર્યને તો કાકાસાહેબ કાલેલકરની કલમ જ આલેખી શકે. આપણે ત્યાં સુવાક્ય છે કે 'ક્ષમા એ વીરનું ભૂષણ છે.' એ જ રીતે 'પરસેવો પણ વીરનું ભૂષણ છે.' જો તે શ્રમ સિવાયના બીજા કોઈ કારણોસર ન થયો હોય તો! (અહીં પેટ્રોલના ભાવની ચિંતા કરવાની જરૂર નથી.) આવા વીરલાઓએ પરસેવારૂપી આભૂષણ ધારણ કરી રાખ્યું હોય પછી તેને પદ્મભૂષણની પણ જરૂર નથી અને તેની પાસે ફરકવાની કોઈ હિંમત કરી શકતું નથી. તે જ્યાં જ્યાં જાય ત્યાં સભા બરખાસ્ત થઈ જાય છે. પેલી ફિલ્મનો ડાયલોગ છે ને 'હમ જહાં ખડે હોતે હૈ, લાઈન વહાં સે શુરૂ હોતી હૈ.' તે ડાયલોગ અહીં એકદમ ઊલટો થઈ જાય કે 'હમ જહાં ખડે હોતે હૈ લાઈન વહાં સે પૂરી હોતી હૈ.' આમ છતાં પણ કેટલીકવાર લાઈનમાં આપણે આવા વીર ધીર ગંભીરની સાથે ખભેખભા મિલાવીને ઊભું રહેવું પડે છે. ત્યારે આપણને ધરતીમાતા મારગ દે તો સમાઈ જવાનું મન થાય. વળી કોઈપણ કારણસર

**પેલી ફિલ્મનો ડાયલોગ છે ને 'હમ જહાં ખડે હોતે હૈ, લાઈન વહાં સે શુરૂ હોતી હૈ.' તે ડાયલોગ અહીં એકદમ ઊલટો થઈ જાય કે 'હમ જહાં ખડે હોતે હૈ લાઈન વહાં સે પૂરી હોતી હૈ.'**

લાઈનનો ત્યાગ કરવો પોસાતો નથી. તેથી ઘણા મહાપુરુષોએ સંસાર ત્યાગ કર્યો છે પણ એક વાર લાઈનમાં ઊભા રહ્યા પછી કોઈ પુરુષે 'લાઈન ત્યાગ'કર્યો નથી.

હિમાલયના સૌંદર્યને જો પૂરેપૂરું માણવું હોય તો તેને ચારે દિશાએથી જુઓ ત્યારે જ આનંદ આવે. હિમાલયના આભને આંબતાં શિખરોમાંથી જેમ નદીઓ ઝરણાઓ નીકળે છે. એ જ રીતે માણસના મસ્તકમાં પરસેવો થાય છે, મોં પર પરસેવો થાય છે અને ત્યાંથી પરસેવાના રેલા કાનનો માર્ગ પકડે છે. ત્યાંથી આગળ વધતા તેમાં બીજા ઝરણા ભળે છે અને રેલો જરા મોટું સ્વરૂપ ધારણ કરી ઝરણું બને છે. પછી બંને કાન બાજુએથી પસાર થઈ જેમ કોઈ મોટી નદીઓનો સંગમ થાય એ જ રીતે તેનો બરાબર દાઢી નીચે સંગમ થાય છે. જો દાઢી વધારી ન હોય તો પછી એ સંગમ સ્થળે એક પછી એક બિંદુ રચાય છે. અને એ બિંદુ ત્યાંથી સીધું જ સિંધુમાં નહીં પણ ધરતી પર ટપકે છે. એ બિંદુ ટપકવાથી શેષનાગ વિચલિત થઈ જાય છે. કારણ કે એક ભારતીય શ્રમિકના પરસેવાના બિંદુની તાકાત અસીમ હોય છે. (શું વાત કરો છો, બાપુ!) એ જ રીતે હિમાલયની માફક નિતરતાં પુરુષને ચારે બાજુએથી જુઓ ત્યારે તેના ઉત્સર્જનતંત્રની કાર્યક્ષમતાનો સાચો ખ્યાલ આવે. આપણે સામાન્ય રીતે કહીએ છીએ કે પૃથ્વી પર મહાસાગરો આવેલા છે પણ પાણીનું પ્રમાણ જોતા એમ કહી શકાય કે 'મહાસાગરોમાં પૃથ્વી આવેલી છે.' એ જ રીતે હિમાલયની જેમ નિતરતાં નરને જોતા ખ્યાલ આવે કે તેના શરીરમાં કેટલું બધું પાણી છે. તેને બદલે 'આટલા બધા પાણીમાં તેનું શરીર છે!' એમ કહેવાનું મન થાય. તેના શરીર પર પ્રચૂર માત્રામાં પરસેવો જોતાં કહી શકાય કે કૂવામાં હોય તો જ હવાડામાં આવે ને! આવા પુરુષોને જ્યારે જુઓ ત્યારે તેમની પરિસ્થિતી એકદમ પ્રવાહી હોય છે. તેથી તે ઘન અને પ્રવાહી વચ્ચેનો કોઈ વિશિષ્ટ પદાર્થ હોય એવું ભાસે છે.

આપણને પરસેવો ખાસ કરીને ઉનાળા કે ચોમાસામાં જ થાય છે. જોકે આપણા નેતાઓને ઉનાળામાં પણ પરસેવો થતો નથી. એ લોકો ચૂંટાઈ ગયા પછી તો પોતાના કામ કરાવવા માટે દોડાદોડી કરતી જનતાને પરસેવો થાય છે. પણ 'ચૂંટણી'નામની એક જ ઋતુ એવી છે કે જ્યારે નેતાઓને પરસેવો થાય છે. એવું કહેવાય છે કે માણસને તાવ આવે પછી પરસેવો થાય તે સારું ગણાય પણ કેટલાકને પરસેવો થતો જ નથી તેથી ડૉક્ટર પાસે જાય છે. પરસેવા માટે તો ડૉક્ટરની દવા કરતાં ય તેનું બિલ અક્સીર ઈલાજ છે. કેટલાક લોકો પૈસા માટે પરસેવો પાડે છે અને કેટલાક પરસેવો પાડવા માટે પૈસા ખર્ચે છે. તેઓ જીમમાં જાય છે પણ સીમમાં જતા શરમાય છે. એવું કહેવાય છે કે પરસેવો પાડીને કમાયેલા પૈસા પવિત્ર ગણાય છે. પણ વિવિધ પ્રકારના આર્થિક કૌભાંડો જોતાં લાગે છે કે પૈસો અને પરસેવાના સંબંધો દિવસે દિવસે ઘટતા જાય છે. અને પૈસામાંથી પરસેવાની ખુશ્બુ પણ ઓછી થતી જાય છે.

હમણાં તો કેટલાક વર્ષોથી વરસાદ થાય છે (હવામાનખાતું કહે છે કે આ વર્ષે વરસાદ ઓછો થશે.) બાકી ભૂતકાળમાં સૌરાષ્ટ્ર કચ્છમાં તો કેટલાક વિસ્તારમાં પાણીની તંગી એવી હતી કે પાણી વિના લોકોને પૂરતો પરસેવો ય ન થતો. તેમ છતાં થોડુંક પાણી મેળવવા માટે તેમણે ઘણો પરસેવો પાડવો પડતો. તે સમયે કાઠિયાવાડમાંથી સુરત આવેલા એક ભાઈ બપોરના તડકામાં ચાલીને મને મળવા આવ્યા. મેં તે ભાઈને કહ્યું કે, ''સારું કહેવાય! આટલા તાપમાં પણ તમને પરસેવો થતો નથી.'' તેમણે માર્મિક ઉત્તર આપ્યો, "પાણીના તળ બહુ ઊંડાં ગયાં ને!" પાણીનાં તળ ઊંડાં ગયાં એનો તો કંઈક ઉકેલ મળશે પણ 'માનવતાનાં તળ ઊંડાં ગયાં એનું શું?!

## ગરમાગરમ

એક મિત્રે તેના પાકી ગયેલા મિત્રને પૂછ્યું, તું કહેતો'તો કે આ વખતે તારા બાપા જ્યાં ગયા છે ત્યાં તારી સગાઈનું પાકું જ છે. તો પછી બાપા શું કરી આવ્યા? પાકી ગયેલો મિત્ર કહે, છોકરીના બાપની દશ વીઘા રોડ ટચ જમીન મારા બાપાને નજરમાં બેસી ગઈ તે સગાઈ પડતી મૂકીને જમીનનો સોદો કરી આવ્યા. આવું ત્રીજી વાર કર્યું. મને સમજાતું નથી કે બાપા મારી સગાઈ માટે જાય છે કે જમીનના સોદા કરવા!